# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૨ અંક : ૬ જાન્યુઆરી ૨૦૧૨ પોષ ૨૦૬૭ સળંગ અંક : ૨૩૫

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ

## સંપાદકીય

### उत्तिष्ठत जाग्रत...

આ જાન્યુઆરી માસની બારમી તારીખથી સ્વામી વિવેકાનંદની સાર્ધ શતાબ્દી (૧૫૦ વર્ષ)ની ઉજવણીનો આરંભ થયો. ૧૮૬૩માં આ દિવસે કોલકાતામાં એમનો જન્મ. એના બે વર્ષ પૂર્વે ૧૮૬૧માં ૭મી મેના રોજ કોલકાતામાં જ રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ. એમની જન્મ શતાબ્દીની ઉજવણી હવે પૂરી થવામાં છે. ઓગણીસમી સદીના સાતમા દાયકામાં એક જ મહાનગરમાં આ બન્ને મહાનુભવો જન્મ્યા. એ પછી છ વર્ષે પોરબંદરમાં મહાત્મા ગાંધીનો જન્મ. એ પછી ત્રણ વર્ષે ૧૮૭૨માં કોલકાતામાં જ શ્રી અરવિન્દનો જન્મ. અર્વાચીન ભારતના પુનરુત્થાનના આ ચાર મહાસ્તંભો છે.

સમગ્ર માનવ જાત આજે એક અભૂતપૂર્વ સંકટમાં ફસાઇ ગઇ છે. ભૌતિકતા વિરુદ્ધ આધ્યાત્મિકતા, સ્વાર્થ વિરુદ્ધ પરમાર્થ, યુદ્ધ વિરુદ્ધ શાંતિ, પ્રેમ વિરુદ્ધ ધીક્કારના દ્વંદ્વમાં સબડી રહી છે. જીવનના ઉમદા મૂલ્યો આજે જાણે ભૂતકાળની બાબત બની રહ્યા છે. દરેકને યેનકેન પ્રકારેણ બધું જ મેળવી લેવું છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ભારત કાંઇક ટકી રહ્યું છે. એનું શ્રેય ભારતના પુનરુત્થાનના હમણાં ગણાવ્યા એ ચાર જ્યોતિર્ધરોને જાય છે.

સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ, મહાત્મા ગાંધી અને શ્રી અરવિન્દે સમગ્ર માનવજાતનાં અજ્ઞાન, અંધકારના બંધનોને વિદારી નાખી, સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન કર્યું. એમાં પણ સ્વામી વિવેકાનંદ અને શ્રી અરવિન્દ ભારત રાષ્ટ્રના આત્માના ઉદ્‌ગાર બની રહ્યા. તો રવીન્દ્રનાથ અને મહાત્મા ગાંધી ભારતની જનતા જનાર્દનના ઉર ધબકારને ઝીલતા પ્રતિનિધિઓ બની રહ્યા. આ ચારે મહાનુભાવોએ માત્ર ભારતની રાજકીય આઝાદીને પોતાનું ધ્યેય ના બનાવ્યું. સ્વામી વિવેકાનંદે રાષ્ટ્રીય કેળવણી, દરીદ્રનારાયણની સેવાનો મહિમા કર્યો. શ્રી અરવિન્દે મનુષ્ય ચેતનાના દિવ્ય ચેતનામાં રૂપાંતરણ પર ભાર મૂક્યો. ગાંધીજીએ સુરાજ્યનું સ્વપ્ન સેવ્યું. રવીન્દ્રનાથે શાંતિનિકેતન દ્વારા હિંદના આત્માને જાગૃત કરવાનો ઉદ્યમ કર્યો.

દોઢસો વર્ષનો સમય આ મહાનુભાવોના આદર્શો અને એની ચરિતાર્થની તપાસ કરવાનું એક નિમિત્ત પુરું પાડે. પરંતુ સ્વામી વિવેકાનંદે એકવાર કહ્યું હતું ‘‘જો બીજો વિવેકાનંદ હોત તો આ વિવેકાનંદે કેવું કાર્ય કર્યું છે તે એ સમજી શક્યો હોત.’’ શ્રી અરવિન્દે પણ આ મતલબનું જ શબ્દભેદે કહ્યું છે કે એમનું જીવન સપાટી પરથી મૂલવી શકાય એમ નથી. એક યોગીનું ખરું જીવન આંતરિક અને બહુપરિમાણી હોય છે. એને આપણે સમ્યક રીતે સમજી શકીએ નહીં. પરંતુ એમના જીવનમાંથી, કાર્યમાંથી આપણે પ્રેરણા જરૂર મેળવી શકીએ.

પળેક તો આપણને થાય કે શું આપણા આ ચાર જ્યોતિર્ધરોનો સંદેશ આપણે વણસાડી દીધો છે ? આપણને રાજકીય આઝાદી તો મળી. પરંતુ આ તો બકરું કાઢતા ઊંટ પેઠું ! ભારતને રાજકીય સ્વાતંત્ર્ય આપવા અંગ્રેજો કુણા પડ્યા હતા ત્યારે એમના વડાપ્રધાન વિન્સેન્ટ ચર્ચીલે કહ્યું હતું કે ભારતને આઝાદ કરવો એટલે લુટારાઓ અને પીંઢારાઓના હાથમાં પાાછો સોંપી દેવો ! લાગે છે કે ચર્ચીલનું અનુમાન બહુ કરુણ રીતે સાચું પડી રહ્યું છે ! શું આવી અવદશા માટે આપણા અસંખ્ય યુવાનો ‘વન્દેમાતરમ્’ના નારા સાથે હસતે મુખે ફાંસીના માંચડે ચઢ્યા હતા ? કે વતનની ધૂળ મૂઠીમાં રાખીને ખુમારીથી મોતને ભેટેલા ? ગાંધીજી કે સુભાષચન્દ્ર બોઝના નેતૃત્વમાં જુદી જુદી રીતે આપણે અંગ્રેજોની ઝૂંસરી ફગાવી દેવા જે મહત્ પ્રયાસ કરેલો તેનું શું આ પરિણામ ? ક્યાં ગઇ એ રાષ્ટ્ર પ્રેમની જવાળાઓ ? આજે તો અંગ્રેજોને સારા કહેવડાવે એવા નીત નવા કૌભાંડો બહાર આવે છે. ને આપણી જાણ બહાર તો ના જાણે શું નું શું ચાલી રહ્યું હશે ? આજે સર્વત્ર લૂંટાલૂંટ ચાલી રહી છે ! જાણે સઘળા આદર્શો આજે અપ્રસ્તુત થઇ ગયા છે !

પરંતુ આ એક ખંડદર્શન છે. માનવજાત કુંતલાકારે (સ્પાયરલ વે માં) ગતિ કરતી હોય છે. વધારે ઉંચા શિખર પર જવા માટે વધારે ગહન ઉંડાણો પણ તાગવા પડતા હોય છે. ને વિશ્વ સમગ્રના પ્રશ્નો આજે જાણે ભારતમાં કેન્દ્રીત થયા છે. ને આ બધી અરાજકતા વચ્ચે ‘નવ ભારત’ સેવાઇ રહ્યું છે. જાણે કોઇ પંખીમહત્ પંખી-ઇંડુ સેવી રહ્યું છે. પળ આવશે એટલે બાહ્ય કવચ દૂર થઇ જશે. ને તરુણ શાવક બહાર આવશે. અત્યારે કાળરાત્રિ અનુભવાઇ રહી છે એટલે આપણે એમ તો નહીં કહી શકીએ ને કે સુરજ તો એક શમણું છે ?

સ્વામી વિવેકાનંદે ૪૯ વર્ષમાં કે શ્રી અરવિન્દે ૭૮ વર્ષમાં સમગ્ર માનવજાત માટે એમાંય ખાસ તો ભારત માટે જે કાર્ય કર્યું છે એની અસરો આ તમામ ગૂંચવાડા વચ્ચે પણ વરતાઇ રહી છે. માત્ર શિક્ષણનું ક્ષેત્ર જ લઇએ તો એમાં પણ એક નવી ચેતનાનો આવિર્ભાવ થઇ રહ્યો છે. વિસંગતીઓ દૂર થઇ રહી છે. અનંત શક્યતાઓ ઉદ્ઘાટિત કરતા નવાં નવાં વાતાયનો ઉઘડી રહ્યાં છે. એક જમાનામાં મેકોલેએ એક પરાજિત રાષ્ટ્ર પર લાદેલી સીમિત આશયોવાળી શિક્ષણ પ્રણાલીથી આપણે ઘણાં દૂર નીકળી ગયા છીએ. આજે આપણી યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિન્દ, રવીન્દ્રનાથ અને ગાંધીજીના અમૃતબિંદુઓનું સેવન થઇ રહ્યું છે. અવરોધો તો છે જ પણ એ ક્રમશઃ દૂર થઇ જશે. એ દૂર થવાની દિશામાં નિર્ણાયક કદમો ભરાઇ રહ્યા છે. ધીમે ધીમે એના સારા પરિણામો પણ મળવા માંડશે.

અત્યારે આપણે એક ડગલું ભર્યું છે. પછી બીજું ડગ ભરાશે... પછી ત્રીજું. આ રીતે આપણે આપણી માતૃભૂમિને ઉત્તમ અર્થમાં દેવભૂમિ, તપોભૂમિ બનાવી શકીશું. આ રીતે વિશ્વના રંગમંચ પર આપણે જે મહાન ભૂમિકા ભજવવાની છે એ માટે આપણે તૈયાર થઇ રહ્યા છીએ. આ પળે સ્વામીજીનો મંત્ર-ઉપનિષદ પ્રબોધિત મંત્ર- આપણું પ્રેરક ચાલક બળ બની રહોઃ ‘उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।’

- પરમ પાઠક

## Teaching - Learning

**UGC Academic Staff College**, Sardar Patel University, Vallabh Vidyanagar is going to organize the following courses in February & March 2012.

1. Refresher Course in Research Methodology in Sciences (MD) (1-2-2012 to 21-2-2012)
2. Short Term Course in Research Methodology (All Subjects) (6-2-2012 to 11-2-2012)
3. Short Term Course for Ph.D. Scholars (All Disciplines) (19-3-2012 to 24-3-2012)
4. Short Term Course in Disaster Management (All Subjects) (19-3-2012 to 24-3-2012)

Application form can be availed from website www.ascspu.org. The eligibility criteria and other information are mentioned in the application form. Participants may submit their application through online or at college office during 9:30 am to 5:30 pm.

**તા. ૩-૧-૨૦૧૨ થી ૭-૧-૨૦૧૨ના સમયગાળા દરમ્યાન Indian Science Congress Association અને Kaling Institute of Information and Technology ના સંયુક્ત ઉપક્રમે એક રાષ્ટ્રીય અધિવેશન, ભુવનેશ્વર-ઓરીસ્સા ખાતે યોજાયું હતું.**

આ અધિવેશનનું ઉદ્દ્ઘાટન ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે કર્યું હતું. એમાં સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના એસોસીયેટ પ્રોફેસર **ડૉ. એસ.એમ. મકવાણા**એ સંશોધન પેપર રજૂ કર્યું હતુ. જેનો વિષય હતો **'Self-confidence with reference to Types of area and Sex among Secondary and Higher Secondary School Students'.** આ અધિવેશનમાં વિવિધ નોબેલ વિજેતાઓ, વૈજ્ઞાનિકો, પ્લાનીંગ કમીશનના વિદ્વાનો, મિસાઈલ મેન અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામ, બાળ વૈજ્ઞાનિકો, મહિલા વૈજ્ઞાનિકોએ પ્રેરણાદાયક વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. આ અધિવેશનમાં વિવિધ રાજ્યના ૧૫૦૦૦ ડેલીગેટ્સે ભાગ લીધો હતો.

**Dr. (Mrs.) Sonal Bhatt** was invited to deliver lectures on "**Economics of Health**" to students of Master in Public Health at the Asian Institute of Public Health, Bhubaneswar, between 2-4 December 2011.

A research paper by **Mr. Manish Patel (jointly with Mr. Vijay Jariwala)**, Assistant Professor in the P.G. Department of Economics entitled "**Economics of Eco-tourism-A Case Study of Dangs District**" was selected for presentation in the 4th International Congress of Environmental Research held at Surat during December 15-17, 2011.

સમાજશાસ્ત્ર વિભાગના **પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ ત્રિવેદીએ તાજેતરમાં NAACમાં નીચેની કામગીરી કરી.**

- તમિલનાડુ રાજ્યના તીરુનવેલી જિલ્લામાં આવેલ એ.આર.પી.નગરની પી.એસ.એમ. થેવર કોલેજના એક્રીડીએશનમાં નેક પીઅર ટીમમાં જઈને મેમ્બર કોઓર્ડીનેટરની ભૂમિકા ભજવી.
- તા. ૯ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ મહારાષ્ટ્રના થાણે જીલ્લામાં આવેલ દહાણુ તાલુકામાં ચીંચની ખાતે આવેલ પુરુષોત્તમ લાલદાસ શ્રોફ આર્ટ્સ અને કોમર્સ કોલેજના રીએક્રીડીએશન માટે નેકની પીઅર ટીમમાં મેમ્બર કોઓર્ડીનેટર તરીકે અગત્યની કામગીરી કરી.
- તા. ૧૬ થી ૧૮ જાન્યુઆરી ૨૦૧૨ દરમ્યાન પશ્ચિમ બંગાળ રાજ્યના બીરભૂમ જીલ્લામાં આવેલ સુરી શહેર સ્થિત બીરભૂમ મહાવિદ્યાલયના એક્રીડીએશન માટે નેકની પીઅરટીમમાં સભ્ય તરીકે સામેલ થઈ અગત્યની કામગીરી કરી.

'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની 'તારાબહેન મંગળદાસ મહેતા' વ્યાખ્યાનમાળા અંતર્ગત એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજના ગુજરાતીના અધ્યાપક **ડૉ. સલાસ પટેલિયા**એ તા. ૧૨-૧૨-૧૧ના રોજ વક્તવ્ય આપ્યું હતું. વક્તવ્યનો વિષય હતો **'એક પૂર્ણ અપૂર્ણ'** નામના ગ્રંથની ચર્ચા. આ ગ્રંથ મરાઠી લેખિકા નીલા સત્યનારાયણનો છે. ગુજરાતીમાં એનો અનુવાદ કિશોર ગૌડે કર્યો છે. વક્તાએ પોતાના વક્તવ્યમાં આ ગ્રંથની મહત્તા કેવી છે એની ચર્ચા કરી હતી. મંદબુદ્ધિના બાળકની માની આ કથા છે. એટલે એક રીતે જોઈએ તો આ કથા માંની આત્મકથા છે અને દીકરો ૨૨ વર્ષનો થાય છે ત્યાં સુધીની એ દીકરાની જીવનકથા છે. માએ વિવિધ ડૉક્ટરો, શાળાઓ અને સ્વજનો વડે થયેલા સારા માઠા પ્રસંગોનું આમાં વર્ણન કર્યું છે, જેની વક્તાએ રસપ્રદ ચર્ચા કરી અને આવા ગ્રંથોનો માણસાઈનો મહિમા ગાવા સમાજને ભારે ખપ છે, એ બાબત પર ભાર મૂક્યો છે.

તાજેતરમાં અખિલ ભારતીય સમાજશાસ્ત્રીય પરિષદનું ૩૭મું અધિવેશન તા. ૧૦ થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૧ દરમ્યાન સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ સોશ્યલ સિસ્ટમ, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, નવી દિલ્હી મુકામે યોજાયું હતું. આ અધિવેશનનું ઉદ્દ્ઘાટન કેલિફોર્નિયા યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના પ્રોફેસર અને આંતરરાષ્ટ્રિય સમાજશાસ્ત્રીય સંગઠનના પ્રમુખ મિચેલ બ્રોએ કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન સ્વીડનની લુન્ડ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના પ્રો. સ્ટીફન લિન્ડબર્ગ ઉપસ્થિત રહ્યા હતાં. આ બંને આંતરરાષ્ટ્રીય વિદ્વાનોએ સમાજશાસ્ત્રના વર્તમાન પ્રવાહો અને ભવિષ્યના પ્રશ્નો-પડકારો અંગે પ્રાસંગિક રસપ્રદ ઉદ્બોધન કર્યું હતું. આ અધિવેશનમાં જાપાન, સ્વીડન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા જેવા વિશ્વના ૧૫-૨૦ દેશના સમાજશાસ્ત્રના પ્રોફેસરો અને સમગ્ર ભારતમાંથી લગભગ ૨૫૦૦ પ્રોફેસરો સહભાગી થયા હતા. તેમાં અખિલ ભારતીય સમાજશાસ્ત્રીય પરિષદની **'ગુનો અને સમાજ' સંશોધન સમિતિના કન્વીનર તરીકે પ્રો. રમેશ મકવાણા** પણ ગુજરાતમાંથી ઉપસ્થિત રહ્યા હતા.

આ અધિવેશનમાં **પ્રો. રમેશ મકવાણાના અંગ્રેજીમાં લિખિત પુસ્તક 'ઈમર્જીંગ દલિત વિમેન લીડરશીપ ઈન પંચાયત'** વિષયના પુસ્તકનું વિમોચન સ્વીડનની લુન્ડ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના પ્રો. સ્ટીફન લિન્ડબર્ગના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રો. સ્ટીફને સૌ પ્રથમ સમાજશાસ્ત્રમાં મહિલાઓની સત્તામાં ભાગીદારીના અભ્યાસની પ્રશંસા કરી હતી અને સમાજશાસ્ત્રમાં આ મહત્વના પ્રદાન બદલ પ્રો. રમેશ મકવાણાને અભિનંદન આપ્યા હતા. વિશેષમાં જણાવ્યું હતું કે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીનું સ્વપ્ન હતું કે લોકોના હાથમાં સત્તા અને સાચા અર્થમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થાય આ સ્વપ્ન પૂર્ણ કરવા મહિલાઓને ૭૩માં બંધારણના સુધારામાં ૩૩% અનામત સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રો. સ્ટીફને કહ્યું હતું કે પંચાયતમાં ઉદ્ભવતા દલિત મહિલા નેતૃત્વ પરનું પ્રો. રમેશ મકવાણાનું સમાજશાસ્ત્રીય સંશોધન વર્તમાન સંજોગોમાં અત્યંત આવશ્યક છે. તે પંચાયતમાં મહિલાઓની ભૂમિકા, તેની સામે ઉપસ્થિત પડકારો અને નિરાકરણની દિશા બતાવશે એટલું જ નહિ પરંતુ ભારતમાં મહિલા સશક્તિકરણની નીતિ માટે આ દસ્તાવેજ ઉપયોગી બનશે. ભારતમાં આ પ્રકારના અભ્યાસો વધુમાં વધુ થાય તેવું ભારપૂર્વક કહ્યું હતું, તેનાથી જ સ્થાનિક સત્તા માળખામાં ભાગીદાર મહિલાઓની હકીકતલક્ષી માહિતી પ્રાપ્ત થશે.

લેખક પ્રો. રમેશ મકવાણાએ પુસ્તકની જાણકારી આપતા જણાવ્યું હતું કે, આ પુસ્તક યુજીસી અનુદાનિત મેજર સંશોધન પ્રોજેક્ટની ફલશ્રુતિ છે. ભારતમાં ૯૭૪૨૫૫ મહિલાઓ ગ્રામ પંચાયત સાથે જ્યારે ગુજરાતમાં ૫૦૦૦ મહિલા ગ્રામ પંચાયત સાથે સંકળાયેલ છે. આ પુસ્તક મહિલાઓની રાજકારણમાં, ખાસ તો પંચાયતમાં કામગીરીની વાસ્તવિક સ્થિતિનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ રજૂ કરે છે. કેટલાક ચોંકવનારા તારણોમાં સરપંચપતિ દ્વારા કરવામાં આવતો વહીવટ મહિલા સરપંચોની રબર સ્ટેમ્પ તરીકેની ભૂમિકા સૂચવે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે ચૂંટાયેલી મહિલા સરપંચો નિરક્ષરતા અને લઘુતાગ્રંથીને પરિણામે પંચાયતની કામગીરી કરવામાં ભૂમિકા સંઘર્ષ અનુભવે છે.

**Dr. R. M. Rathod**, Associate Professor, **MBA Department**, Sardar Patel University attended and presented paper titled **"A Study on Innovativeness among Management Teachers in Undergraduate Colleges Affiliated to Sardar Patel University"** in one day National level conference on "Innovative strategies in Management and Education" organized by C Z Patel College of Business and Management on 2 December, 2011.

**Dr. R.M. Rathod,** Associate Professor, **MBA Department**, Sardar patel University attended and presented paper titled **"Organizational Commitment and Job Satisfaction : An Empirical Study with reference to Teachers of Postgraduate Departments of Sardar Patel University"** in 15th Internation Conference on "Global Recession to Global Recovery : Opportunities, Challenges and Strategies for Sustainable Growth" organized by; Institute of Management, Nirma University, Ahmedabad held during 5-7 January, 2012.

**આણંદ આર્ટ્સ કોલેજ,** આણંદના એસોસિએટ પ્રોફેસર **ડૉ. ગુણવન્ત વ્યાસે** તાજેતરમાં અમરેલી ખાતે રમેશ પારેખ જન્મજયંતિ નિમિત્તે ગુજરાત સાહિત્ય પરિષદ અને સંવાદ સંસ્થા, અમરેલીના ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં 'રમેશ પારેખના અછાંદસ અને વ્યંગ્ય કાવ્યો' વિષય પર વક્તવ્ય આપ્યું.એ પૂર્વે એમણે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને 'અક્ષરા', વડોદરાના ઉપક્રમે વડોદરા ખાતે યોજાયેલા પન્નાલાલ પટેલ જન્મશતાબ્દી પરિસંવાદમાં પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ' અંગે વક્તવ્ય આપ્યું હતું. વળી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને રાષ્ટ્રીય ભાષા સંસ્થાન, મૈસુર દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલા 'કોશવિદ્યાનાં નવાં પરિમાણો' અંગેના પરિસંવાદમાં એમણે 'બોલી અને કોશ' વિષય પર અભ્યાસ રજૂ કર્યો હતો.

# Research

એલ્યુમ્ની એસોસિએશન, **ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા **'ગ્રંથાલય અને માહિતી વ્યવસાયિકોની સામાજિક જવાબદારી'** પર તાજેતરમાં એક પરિસંવાદ યોજાઈ ગયો. એમાં ગુજરાતની વિવિધ કોલેજોમાંથી લગભગ ૨૬૦ જેટલા ગ્રંથાલય વ્યવસાયિકો, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પરિસંવાદના અધ્યક્ષ સ્થાને સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ, ડૉ. બી. જી. પટેલ, ડાયરેક્ટર, આઈસ્ટાર ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ ગ્રંથાયલનું મહત્વ તેમજ આધુનિક ટેક્નો-સેવી પરિસ્થિતિમાં ગ્રંથપાલોની સામાજિક જવાબદારી અંગે ચર્ચા કરી હતી.

મુખ્ય મહેમાન તરીકે અટીરાના ભૂતપૂર્વ ગ્રંથપાલ તેમજ એડીનેટના ભૂતપૂર્વ ડાયરેક્ટર શ્રી પી.સી. શાહ ઉપસ્થિત રહ્યા હતા. વિભાગીય વડા તેમ જ એલ્યુમની એસોશીએશનના પ્રમુખ પ્રોફેસર ડૉ. ઊર્મિલા ઠાકરે જણાવ્યું હતું કે, ગ્રંથાલય જગતની આધુનિકતાને પહોંચી વળવા તમામ ગ્રંથાલય વ્યવસાયિકોને જાગૃત રહી નવી પેઢીને આધુનિક ટેક્નોલોજીનું જ્ઞાન મળી રહે તે જોવાનું છે. તેમ જ વર્તમાન સમયમાં ગુજરાતમાં મોટાભાગની લાઈબ્રેરીઓમાં સરકાર તરફથી ગ્રંથપાલોની ખાલી જગ્યાઓ ભરાતી નથી, તો આ જગ્યાઓ ભરાય તે માટે સરકારને જાગૃત કરવાનું કાર્ય બનતી ત્વરાએ ઉપાડી લેવા યુવા ગ્રંથપાલોને આહવાન આપ્યું હતું.

બન્ને ટેકનિકલ સેશનમાં સામાજિક જવાબદારીને સ્પર્શતા જુદા જુદા પાસાઓને આવરી લેતાં ૧૮ પેપર્સ રજૂ થયા હતા. ઉપરોક્ત પરિસંવાદમાં ડૉ. શૈલેષ યાજ્ઞિક, ડૉ. શ્યામા રાજારામ, શ્રી કિરીટ ભાવસાર, શ્રી મનીષભાઈ પંડ્યા, સંઘમિત્રા પ્રધાન, ડૉ. મીતા રાઠોડ જેવા વિષય નિષ્ણાંતોએ પોતાના અભ્યાસ લેખો રજૂ કર્યા હતા.

સમગ્ર પરિસંવાદનું સંચાલન એમ.ફીલની વિદ્યાર્થીની નિશા મહારાજે કરેલ હતું.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં એડસોલોન ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ દ્વારા ટી.વાય. બીકોમ., અને ટી.વાય.બીબીએના વિદ્યાર્થીઓએ **'કોર્પોરેટ એક્સ્પેક્ટેશન ફ્રોમ યંગ પ્રોફેશનલ્સ'** વિષય અંગે કાર્યશિબિર યોજાઈ હતી. એમાં વિવિધ પ્રોફેશનલ ગેઈમ તથા પ્રેક્ટીકલ દ્વારા યુવા વિદ્યાર્થીઓ પાસેથી ધંધાઓમાં કઈ કઈ અપેક્ષાઓ રાખવામાં આવે છે તેની માહિતી પૂરી પાડી હતી. ડૉ. એન.એન. પટેલ, પ્રા. વી.એમ. પટેલ, પ્રા. પી. પી. પટેલ અને પ્રા. એન.એમ. ભાટીયાએ આ શિબિરમાં હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવમંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝ ઈન આર્ટ્સનાં** અંગ્રેજી વિભાગના અધ્યક્ષ શ્રી હિમાશું શ્રીવાસ્તવે તાજેતરમાં ડૉ. આર કે. માંડલિયા, ડિપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લીશ, સરદાર પટેલ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ મહાનિબંધ 'Psychoanalysis of Arun Joshi's Majar Novels'ને સરદાર પટેલ યુનિવર્સિટીએ સ્વીકારીને **પ્રા. હિમાશું શ્રીવાસ્તવને અંગ્રેજી સાહિત્યમાં ડોક્ટરેટની પદવીથી સન્માનીત કર્યા છે.** યુનિવર્સિટી પરિવાર તેઓને અભિનંદન પાઠવે છે.

ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળ તથા આણંદ મેડીકેર સોસાયટી, આણંદ સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ, શ્રી જે.એમ. પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન હ્યુમેનિટિઝ, શ્રી જે.એમ. પટેલ સોશ્યલ વર્ક**, આણંદના સંયુક્ત ઉપક્રમે **'માનવ અધિકાર દિન' નિમિત્ત રાજ્યકક્ષાનો પરિસંવાદ** યોજાયો હતો. પરિસંવાદનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢે કર્યું હતું. આ પરિસંવાદમાં પ્રો. હેમીક્ષા રાવ (કુલપતિશ્રી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ), પ્રો. આનંદ માવળંકર (ચેરમેનશ્રી, ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળ), પ્રો. દિનેશ શુક્લ (નિવૃત્ત રીડર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ), સમારંભના પ્રમુખશ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) (પ્રમુખશ્રી, આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ), શ્રી પાર્થ બિપીનચંદ્ર પટેલ (સી.ઈ.ઓ., આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ) તેમ જ અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના કાર્યકારી અધ્યક્ષ અને ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળના સેક્રેટરી ડૉ. બલદેવ આગજા તેમ જ ગુજરાતભરમાંથી ૭૦થી વધારે અધ્યાપકો અને વિષયમાં અભિરુચિ ધરાવતા તજજ્ઞો ઉપસ્થિત રહ્યાં હતા.

પરિસંવાદનો મુખ્ય વિષય ગુજરાતમાં વિકાસનાં લેખાં-જોખાં હતો. આ વિષયને ધ્યાને લઈ જુદા-જુદા ચાર વિષયોઃ (૧) ગુજરાતમાં માનવ વિકાસ-પ્રો. હિંમતભાઈ પટેલ (નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી) (૨) ગુજરાતમાં આર્થિક વિકાસ-પ્રો.ડૉ. હેમંતકુમાર શાહ (એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ) (૩) ગુજરાતમાં પક્ષ પ્રથા અને નાગરિક સમાજ પ્રિ. ડૉ. ડી.ડી. ઝાલા (શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગર) (૪) ગુજરાતની બદલાતી રાજકીય સંસ્કૃતિ પ્રો. દિનેશભાઈ શુક્લ (નિવૃત્ત રીડર, ગુજરાત યુનિવર્સિટી)માં ઉપરોક્ત તજજ્ઞોએ પોતાના સંશોધન પેપર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બલદેવ આગજા અને પ્રા. દીક્ષા સાવલાએ કર્યું હતું.

અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝના **નિવૃત્ત પ્રોફેસર ડૉ. એમ. કે. પટેલને** યુ.જી.સી., નવી દિલ્હીએ **એમેરટ્સ ફેલોશીપ** પ્રદાન કરી છે. એમને ૨.૯૦ લાખ રૂપિયાનું અનુદાન પણ પ્રાપ્ત થયું છે. શુભેચ્છાઓ. અભિનંદન !

# Extension

**Department of Business Studies**, Sardar Patel University, Vallabh Vidyanagar organized a One-Day Joint Workshop on "**Contemporary Issues of Accountancy and Commerce Education**". The Workshop was sponsored by Board of Studies, Institute of Chartered Accountants of India, New Delhi and jointly hosted by the Anand Branch of Western India Regional Council (WIRC) of Institute of Chartered Accountants of India and Department of Business Studies, Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat.

The workshop commenced with Inagural function. CA. Brijesh Shah, Vice-Chairman, Anand Branch of WIRC of ICAI welcomed the Chief Guest, Dr. C.L. Patel, Chairman, CVM; Guest of Honour, Prof. Harish Padh, Hon'ble Vice-Chancellor, Sardar Patel University; Keynote Speaker CA. M.P. Sarda; Dr. P. K. Rathod, Professor & Head, Department of Business Studies; CA. Roopin Patel introduced the Keynote Speaker CA. M.P. Sarda. Dr. P.K. Rathod introduced Chief Guest, Dr. C. L. Patel, Chairman, CVM and Guest of Honour, Prof. Harish Padh, Hon'ble Vice-Chancellor, Sardar Patel University. Dignitary on the dais were offered bouquets and presented mementos followed by lighting of lamp. Dr. C.L. Patel, Chief Guest and Prof. Harish Padh, Guest of Honour delivered their speeches. CA. Dr. M.P. Sarda delivered keynote address. Dr. Sandip K. Bhatt ended inaugural function with a vote of thanks.

The workshop was divided into two technical sessions viz., (1) Direct Tax Code and Corporate Governance and (2) IFRS and Limited Liability Partnership. CA. Dhinal Shah, CA. Bimal Bhatt, CA. Vishal Doshi and CA. B.K. Patel delivered keynote speeches on Direct Tax Code, Corporate Governance, IFRS and Limited Liability Partnership respectively. These sessions were chaired by eminent academician CA. Dr. Nikhil Zaveri and distinguished professional CA. Kamlesh Parikh.

Around 300 participants from various colleges, Universities and Institues across the nation took part in the workshop.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજની** તા. ૨૭ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ **જર્મનીના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.** આ વિદ્યાર્થીઓ રોટરી ઈન્ટરનેશનલ દ્વારા યુથ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત આણંદની મુલાકાતે આવ્યા હતા. સેમકોમ કોલેજ ખાતે અધ્યાપકો તેમજ વિદ્યાર્થીગણ સાથે તેઓએ અભ્યાસ, સાંસ્કૃતિક, રાજકારણ અને બંને દેશોના અર્થતંત્ર વિશે વાર્તાલાપ કર્યો હતો.

સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, વલ્લભ વિદ્યાનગરમાં તાજેતરમાં યુનિવર્સિટી કોલેજના વુમન સેલ અંતર્ગત **'સ્ત્રી સશક્તિકરણ'** વિષય પર સુશ્રી વાસંતિબેન ચંદુભાઈ પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

'સ્ત્રી સશક્તિકરણ'નો ઉલ્લેખ કરતાં વાસંતિબેને આઝાદીમાં ભાગ લેનાર વીરાંગનાઓનાં જીવનકાર્યો અને શૌર્યગાથાઓનાં ઉદાહરણ આપી, શાળામાંથી સ્ત્રી ચારિત્ર્યનું પાયાનું ઘડતર થાય છે અને તે માટે પાયાની કેળવણી દરમ્યાન તમામ બહેનોને તેમનામાં ડર, ભીરુતા, સંકુચિતતા જેવી ગ્રંથિઓ દૂર થાય અને સ્ત્રીએ સમાજની એક જવાબદાર નાગરિક બની રહે તેવા ગુણો અને કૌશલો કેળવવા અનુરોધ કર્યો હતો. સ્ત્રી કેળવણી માટે ફક્ત માહિતી જ નથી આપવાની, પરંતુ સ્ત્રીઓ સમાજસેવાના જુદા જુદા તબક્કા પર તેમના રસ, રૂચી અને યોગ્યતા અનુસાર હિમ્મતભેર જોડાઈને સ્વવિકાસ કરે તેવી શાળા કક્ષાએ આવશ્યકતા છે.

ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત **ક્રિશ્ચિયન કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ**, આણંદ ખાતે તા. ૧૦-૧૨-૨૦૧૧ના રોજ **ઈન્ફોર્મેશન ટેક્નોલોજી**ના વિષય પર શ્રી હર્ષલ ભગત, શ્રી જયુલ ભગત, શ્રી સૂર્યદીપ સક્સેના, શ્રી રમેશ ભક્તા, શ્રી જેમ્સ, શ્રી મમતા ક્રિશ્ચિયન અને શ્રી જસ્ટીન ક્રિશ્ચિયનના વિશેષ વ્યાખ્યાનો યોજાયાં હતાં.

શ્રી હર્ષલ ભગત અને જયુલ ભગતે આઈ.ટી. ક્ષેત્રમાં સુપ્રસિદ્ધ તેવી કેન્ફો ટેક્નોલોજી પ્રા.લી. વિષે માહિતી આપી હતી. આ કંપની અત્યારે વિદ્યાર્થીઓ માટે ભણતરમાં મદદરૂપ બને તેવી જુદી જુદી વેબસાઈટ પુરી પાડે છે. અને તેમણે લોજીસ્ટીક મેનેજમેન્ટ, બી-ટુ-બી અને બી-ટુ-સી પોર્ટલ્સ, બ્લોગર, વેબસાઈટ સોલ્યુશન જેવી પ્રોડક્ટ પણ માર્કેટમાં છે તેમ જણાવ્યું હતુ. સાથે સાથે ડોટ નેટ ૨૦૧૦, જુમ્લા, એન્ડ્રોઈડ, ફ્લેશ, ઈન્ટરનેટ માર્કેટીંગ જેવા આઈ.ટી. ક્ષેત્રોના નવા કોર્સીસ વિષે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતાં.

ત્યારબાદ કાવીશ ગૃપના માર્કેટીંગ મેનેજર શ્રી સૂર્યદીપ સક્સેનાએ આઈ.ટી. ક્ષેત્રના ફાયદાઓ અંગે વક્તવ્ય આપ્યું હતું. ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટીના ટ્રસ્ટીએ ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, વલ્લભ વિદ્યાનગરમાં **કેરિયર કોર્નર પ્રવૃત્તિ** અંતર્ગત તા. ૭-૧૨-૨૦૧૧ને બુધવારના રોજ જીલ્લા રોજગાર અધિકારીશ્રીની કચેરી, આણંદ અને યુનિવર્સિટી રોજગાર કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે કોલેજ ખાતે જીલ્લા રોજગાર અધિકારીશ્રી એસ.આર. વિજયવર્ગીયનું **'રોજગારની તકો અને પડકારો'** વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી વિજય વર્ગીયએ જણાવ્યું હતું કે આપણા દેશમાં શિક્ષણ સન્માનજનક મળે છે, પણ સન્માનજનક રોજગાર મળવો મુશ્કેલ છે, જે શિક્ષણ કેરિયર ઘડતરમાં ઉપયોગી ન થાય તે શિક્ષણ ઉપકારક કેટલું છે ? તે મોટો સવાલ છે. રોજગાર વાંચ્છુંઓ ને રોજગાર માટે પાત્રતા-કૌશલ કેળવવું અનિવાર્ય છે તેમ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે અત્યાધુનિક ટેક્નોલોજી યુગમાં પ્રત્યેક નાગરિકમાં કમ્પ્યુટરની 'મીનીમમ લીટ્રસી' હોવી અતિઆવશ્યક છે અને અંગ્રેજી ભાષાની જાણકારીથી દુનિયાના ખૂણે પડેલી રોજગારની તકોને નિશ્ચિત પણે પ્રાપ્ત કરી શકાય તેની સમજ આપી હતી.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૦-૨-૧૧ને શનિવારના રોજ આણંદ લો કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી અપૂર્વભાઈ પાઠકનું માનવ અધિકાર દિન નિમિત્તે **માનવ અધિકાર** વિષય પર શૈક્ષણિક પ્રવચન યોજાયું હતું. મુખ્ય મહેમાન વક્તા શ્રી અપૂર્વભાઈ પાઠકે માનવ અધિકાર દિન નિમિત્તે માનવની વિવિધ ફરજો તથા અધિકારો વિશે વિસ્તૃત ચર્ચા કરી.

આ દિન નિમિત્તે પ્રતિજ્ઞાપત્ર તથા માનવની મુખ્ય ફરજોનું તાલીમાર્થીઓ દ્વારા વાચન કરાવવામાં આવ્યું. વળી, કોલેજોની તાલીમાર્થીઓ માટે એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પેપર કટીંગ્ઝ તથા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેનો અભ્યાસ કર્યા બાદ તાલીમાર્થીઓએ ઉત્તર આપવાના હતા. જેમાં પ્રથમ ક્રમે નિલમ જાલા, દ્વિતીય ક્રમે સોનલ રાય તથા તૃતીય ક્રમે સોનલ પરમાર વિજેતા બન્યાં હતાં.

ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત **ક્રિશ્ચિયન કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ**, આણંદ ખાતે ટી.વાય.બી.બી.એ.માં ભણતા વિદ્યાર્થીઓ માટે **'નેટવર્ક એનાલિસીસ'** વિષય પર ડૉ. બી.પી. ભુવા (સી.પી. કોમર્સ કોલેજ આણંદ)ના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન**, આણંદમાં તા. ૩-૧-૨૦૧૨ના રોજ બ્રહ્માકુમાર શ્રીગિરીશભાઈનું **'મૂલ્યશિક્ષણ'** પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, વલ્લભ વિદ્યાનગરમાં તાજેતરમાં **સ્વ. દોલતસિંહ એન. પરમાર સ્મૃતિ વ્યાખ્યાન માળા**નું ૧૨મું વ્યાખ્યાન એચ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રિસર્ચના ડાયરેક્ટર (પ્રિ.) ડૉ. આર.પી. જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું હતું. સ્વ. (ડૉ.) દોલતસિંહ એન. પરમાર સ્મૃતિ વ્યાખ્યાનના મુખ્ય વક્તા તરીકે એસ.એલ.યુ. કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદના **પ્રિન્સિપાલ (ડૉ.) કલ્પેશભાઈ પાઠક** ઉપસ્થિત રહ્યા હતા.

સ્મૃતિ વ્યાખ્યાનના મુખ્ય વક્તા પ્રિ. (ડૉ.) કલ્પેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે શિક્ષણની નવી ક્ષિતિજો એટલે વિજ્ઞાન અને કળાના સમન્વયથી દરેક ક્ષેત્રે જે અભ્યાસની સુવિધાઓમાં મદદરૂપ થાય છે, તેવી કમ્યુનિકેશન ટેક્નોલોજીનો જીવન વ્યવહારમાં વધતો ઉપયોગ અને તેમાં આવતાં રોજીદાં વિકાસલક્ષી પરિવર્તનો દ્વારા માનવજ્ઞાન અને સુવિધાઓની ચરમસીમા સુધી સહજ પહોંચવા જઈ રહ્યો છે તે જ નવી ઉભરતી ક્ષિતિજોનું ઉત્તમ દૃષ્ટાંત છે. ટેક્નોલોજીથી સુવિધાઓ વધવા લાગી છે અને વ્યક્તિએ વધુ અભ્યાસમૂલક અભિગમ કેળવી વધુ સારી શોધો કરે તો નવી નવી તકનીકીથી મહત્તમ સુખાકારી વધે.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૭-૧૨-૧૧ને બુધવારના રોજ માઉન્ટઆબુ 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના બ્ર.કુ. ઊર્મિલાબેનના મુખ્ય વક્તાપદે **'શિક્ષણના મૂલ્યોનો જીવનમાં વિનિયોગ'** વિષય પર શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ યોજાયો.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં **'વાંચે ગુજરાત'** અભિયાન અંતર્ગત વિવિધ ક્ષેત્રો અને વિષયોને લગતા પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ડૉ. જયશ્રી જે દીક્ષિતે 'અંગદનો પગ' અને મહાન હૃદયોના સારેગમપધનિ (સ્ટીફનકોવે લીખિત) પુસ્તકોની સમીક્ષા કરી હતી.

**શ્રી આઈ.જે. પટેલ બી.એડ કોલેજ,** મોગરી દ્વારા **સ્ત્રી-શિક્ષણ તથા વ્યસન મુક્ત માટે રેલી**નું આયોજન કર્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓએ શેરી નાટકો દ્વારા જનસમુદાયને સ્ત્રીશિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું હતું તથા વ્યસનથી તથા જીવલેણ નુકસાનનો ચિતાર આપ્યો હતો.

**શ્રી આઈ.જે. પટેલ બી.એડ કોલેજ,** મોગરીમાં 'સ્પંદન' સપ્તાહની ઉજવણી અંતર્ગત IQAC માટે ડૉ. જયેન્દ્ર દવે (શાસ્ત્રી)નું **વ્યાખ્યાન** યોજવામાં આવ્યું હતું. આજની શિક્ષણની નિષ્પત્તિ રૂપે શિક્ષિત મનુષ્ય પર પ્રકાશ પાડી એમણે પ્રશિક્ષણાર્થીઓને જીવનનો રાહ ચિંધ્યો હતો.

**શ્રી આઈ.જે. પટેલ બી.એડ કોલેજ,** મોગરી દ્વારા જ્ઞાનદ્વારા અંતર્ગત રાષ્ટ્રીય શિક્ષણ દિવસની ઉજવણીના ભાગ રૂપે **આંતર-કોલેજ નિબંધ લેખન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના પ્રથમ શિક્ષણ મંત્રીશ્રી મૌલાના અબુલ કલામ આઝાદના જીવન પર તેમની જન્મજયંતિ નિમિત્તે ૧૧ નવેમ્બરના રોજ આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

સ્પર્ધામાં પ્રથમ સ્થાન મયંક પટેલ તથા તૃતીય સ્થાન ઉપાસના એસ. પટેલે શ્રી આઈ.જે. પટેલ બી.એડ્ કોલેજમાંથી પ્રાપ્ત કર્યું. તથા આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદના ચાવડા સંદિપકુમાર એમ. (દ્વિતીય) તથા કૃષ્ણાલ આઈ. ને આશ્વાસન પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે ક. મ. પટેલ બાલાશાળા, મોગરીના આચાર્ય શ્રીમતી પન્નાબેન ગજ્જરનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

➢ **શ્રી આઈ.જે.પટેલ બી.એડ કોલેજ, મોગરી** ખાતે તા. ૧૦મી જાન્યુઆરી ને **વિશ્વ હાસ્ય દિન** તરીકે ઉજવ્યો હતો. જેમાં કેટલાક પ્રશિક્ષણાર્થીઓએ હાસ્ય અને મનોરંજન કરાવવા, ટૂચકા, નાટક, એકપાત્રીય અભિનય, મિમીક્રી કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ** ખાતે તા. ૧૨-૧-૨૦૧૨ના રોજ સ્વર્ણિમ ગુજરાત NSS ધારા તથા જ્ઞાનધારાના સંયુક્ત ઉપક્રમે **સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં કોલેજનાં ડાયરેક્ટર શ્રી જી. એન. ભાવસાર, એકેડેમિક ડાયરેક્ટર એ.આર. મહિડા, સીનિયર પ્રાધ્યાપક સી.આર. પટેલ, ઈન્ચાર્જ આચાર્ય સુનિલ ત્રિવેદી, અધ્યાપકગણ તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ હાજર રહી ઉત્સાહભેર ઉજવણીમાં ભાગ લીધો હતો. ઉપસ્થિત દરેક મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય તથા ફૂલહાર ચઢાવીને વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદનાં નકશે કદમ ચાલવાની હાંકલ કરી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા ૨૪-૧૨-૨૦૧૧ને શનિવારના રોજ કોલેજના વરિષ્ઠ અધ્યાપક ડૉ. વાઘજીભાઈ બારૈયાના અધ્યક્ષ સ્થાને **નાતાલ ઉજવણી કાર્યક્રમ** યોજાયો.

➢ **ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદમાં તા. ૨૩-૧૨-૨૦૧૧ના રોજ **નાતાલ પર્વની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં ચર્ચ ઑફ નોર્થ ઈન્ડિયાના પાસ્ટરશ્રી ન્યુટન સંઘાડા, જી.સી.એસ.એસ.ના ચેરમેનશ્રી વોલેસ ક્રિશ્ચિયન ઈત્યાદિ ઉપસ્થિત રહ્યા હતા. આ નિમિત્તે **આંતર-કોલેજ કેરલ સ્પર્ધા** યોજવામાં આવી હતી. એમાં પ્રથમ વિજેતા આણંદ કોલેજ ઑફ એજ્યુકેશનના કૃપલ ક્રિશ્ચિયન અને તેમની ટીમ જાહેર થયા હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ** ખાતે સ્વર્ણિમ ગુજરાત-સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત **વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન તા. ૨૨-૧૨-૨૦૧૧ના રોજ થયું હતું. વક્તૃત્વ સ્પર્ધાનું શીર્ષક **"Should Social Networking Sites be Banned"** હતું. આ સ્પર્ધામાં BBA, BBA (ISM), B.Com., M.Com. એમ બધી જ શાખાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રથમ સ્થાન SY BBA (ISM) ના વિદ્યાર્થી પ્રતીક મકવાણાએ પ્રાપ્ત કર્યું હતું. તેમ જ દ્વિતીય સ્થાન શાલીન પંડિત SYBBA(ISM) અને તૃતીય સ્થાન શેખ નાહર (M.Com., 2nd Sem.)એ પ્રાપ્ત કર્યું હતું.

➢ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ**માં તા. ૨૧-૧૨-૨૦૧૨ને બુધવારના રોજ બી.જે.વી.એમ.ના **બેસ્ટ સ્પીકર સ્પર્ધા**નું આયોજન થયું હતું.

આ સ્પર્ધામાં કોલેજના પ્રથમ રાઉન્ડમાં ૪૪ વિદ્યાર્થીઓમાંથી પસંદગી પામેલા ૧૭ વિદ્યાર્થીઓએ નીચેના વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

૧. રિટેલ ટ્રેડમાં સીધા વિદેશી રોકાણથી દેશને ફાયદો થશે.

૨. ભૌતિક વિકાસ સાથે માનવીનાં સુખમાં પણ વધારો થયો છે.

સ્પર્ધાના અંતે નીચેના વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતા.

બેસ્ટ સ્પીકર : બીબીએ - ઘનશ્યામ વઘાસીયા, ટી.વાય.બીબીએ

બેસ્ટ સ્પીકરઃ બીકોમ - નિખિલ ઠક્કર, ટી.વાય.બી.કોમ.

ઓવર ઓલ વિજેતા દ્વિતીય ક્રમે - હીના મન્સૂરી, એફ.વાય.બીબીએ

ઓવર ઓલ વિજેતા તૃતીય- કૌશીક હરિયાણા, એફ.વાય.બી.કોમ.

➢ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓએ** તાજેતરમાં ગુજરાત સમાચાર અને આઈ.એન.ટી. (મુંબઈ) દ્વારા આયોજીત **આંતર કોલેજ ગુજરાતી એકાંકી સ્પર્ધામાં ભાગ લઈ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.** જ્યારે પૂજા કઠવાડિયા (એફ.વાય.બીબીએ, જનરલ)ને ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ની ટી.વાય.બી.સી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની **નેહા સિંહે** ક્રિએટીવ ક્લબ, ડિપાર્ટમેન્ટ ઑફ ઈંગ્લિશ ઈન આણંદ આર્ટ્સ કોલેજ દ્વારા આયોજીત **કવિતા લેખન સ્પર્ધામાં દ્વિતીય સ્થાન** પ્રાપ્ત કર્યું છે. અભિનંદન.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના બી.બી.એ.(ફોરેન ટ્રેડ) અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ શ્રી સી.પી. પટેલ અને એફ.એચ. શાહ કોમર્સ કોલેજ ખાતે તા. ૨૨-૧૨-૨૦૧૧ના રોજ **ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ વીલ રૂઈન અવર રીટેલ સેક્ટર** ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજાયેલ, તેમાં ટી.વાય.બી.બી.એ.(ફોરેન ટ્રેડ)ના **અભિષેક મિશ્રા દ્વિતીય સ્થાને** તથા **બ્લેસી મેથ્યુએ તૃતીય સ્થાન** પ્રાપ્ત કર્યું છે. અભિનંદન.

➢ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલયનો રાષ્ટ્રીય સેવા યોજનાનો કેમ્પ** સામરખા તાબેના રામપુરા ગામે યોજાયો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ વર્ક,** આણંદના **એન.એસ.એસ. વિભાગ**ના ઉપક્રમે **વાર્ષિક શિબિર**ના સમાપન સમારંભમાં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના માનદ્ મંત્રી શ્રીમતી જયોત્સનાબેન પટેલ, જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ શ્રીમતી આશાબેન દલાલ, એ.આઇ.પી.એસ.ના માનદ્ નિયામક ડૉ. આર.પી. પટેલ, સંસ્થાના માનદ્ નિયામકશ્રી પ્રો. એસ. આર. અગ્રવાલ, લાંભવેલ ગામના સરપંચ શ્રી ઇશ્વરભાઇ રાઠોડ, ઉપસરપંચ શ્રી વિષ્ણુભાઇ પટેલ, આચાર્યાશ્રી અર્પિતા ક્રિશ્ચિયન, આનંદ ધામના વડીલો, અગ્રણીઓ, અધ્યાપકગણ તથા શિબિરાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના **રાષ્ટ્રીય સેવા યોજનાનો વાર્ષિક શિબિર** તા. ૯-૧૨-૨૦૧૧થી ૧૫-૧૨-૨૦૧૧ના દરમ્યાન આણંદ તાલુકાના જીટોડીયા મુકામે યોજાઇ ગયો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ**નો ગત તા. ૩-૧-૨૦૧૨થી ૯-૧-૨૦૧૨ દરમિયાન **એન.એસ.એસ. અંતર્ગત વાર્ષિક શિબિર** જીતપુરા ગામે રાખવામાં આવી હતી. જેમાં કોલેજનાં ૫૦ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ આર્ટ્સ કોલેજ**ની **એન.એસ.એસ. વાર્ષિક સેવા શિબિર** કાસોર (ભાલેજ) મુકામે તાજેતરમાં સંપન્ન થઇ ગઇ.

શિબિર દરમ્યાન લોકજાગૃતિ કાર્યક્રમ, સફાઇ કાર્યક્રમ, એઇડ્સ જાગૃતિ વ્યાખ્યાન પ્રદર્શન, મેડીકલ ચેક-અપ કેમ્પ, ચશ્મા શિબિર, કુકીંગ ક્લાસ, બ્યુટીપાર્લર ટ્રેનિંગ, લઘુગૃહ ઉદ્યોગ તાલીમ, વ્યાખ્યાન કાર્યક્રમો જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજ** ખાતે તાજેતરમાં બી.એડ્.ના તાલીમાર્થીઓનો **"માનવ સંબંધ"** ઉપર કાર્યશાળા યોજાઇ હતી. તાલીમાર્થીઓએ બી.એડ્.માં માનવ સંબંધ અતિ મહત્વનો છે એના ઉપર વિસ્તૃત ચર્ચા કરી. તાલીમાર્થીઓએ પોતાના જીવનના અનુભવની, સંબંધ કેવા હોવા જોઇએ અને પોઝીટીવ થિંકીંગ વિશે વાતો કરી. આ વર્કશોપનું સંચાલન કોલેજના આચાર્યાશ્રી ડૉ. નુસરત કાદરીએ કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧-૧૨-૨૦૧૧ને ગુરૂવારના રોજ **વિશ્વ એઇડ્સ દિનની ઉજવણી** નિમિત્તે સંસ્થામાં એઇડ્સ સંદર્ભે પુસ્તક પ્રદર્શન, એઇડ્સની સમજૂતી અંગે માહિતીસભર વિવિધ ચાર્ટ તથા પેપર કટીંગ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ** દ્વારા ગત તા. ૧૯-૧૨-૨૦૧૧ને સોમવારના રોજ એ.ડી. ગોરવાલા બ્લડ બેંકનાં સહયોગથી ભાઇકાકા હોલ ખાતે **બ્લડ ડોનેશન કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૩૦-૧૨-૨૦૧૧ના રોજ ટ્રસ્ટના દાતા પરિવારના મોવડી પૂજ્ય મણિભાઇ શંકરભાઇ પટેલના ૧૦૦માં જન્મદિન નિમિત્તે **"રક્તદાન શિબિર"**નું આયોજન કરવામાં આવેલ હતું. આણંદની રેડક્રોસ સોસાયટીની મદદથી સી.પી. પટેલ કોમર્સ કોલેજ દ્વારા ૯૬ બોટલ રક્તદાન કરેલ હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ** દ્વારા **"વિમેન્સ સેલ"** તથા હેલ્થ ચેકઅપ કમિટી અંતર્ગત તા. ૧૩-૧૨-૨૦૧૧ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે બી.એન. પેરામેડીકલ સાયન્સના મેડીકલ ડાયરેક્ટર ડૉ. રમણભાઇ પટેલનું "Anorexia Nervosa" વિષય પર બહેનો માટે વ્યાખ્યાન યોજાયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ** દ્વારા કા. આચાર્ય શ્રી અપૂર્વ પાઠકના માર્ગદર્શન હેઠળ "દીવ-સોમનાથ" ખાતે **શૈક્ષણિક પ્રવાસ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

➢ **શ્રીમતી પુષ્પાબેન કનૈયાલાલ ઇનામદાર કોલેજ ઑફ એજ્યુકેશન,** બાકરોલના તમામ તાલીમાર્થીઓએ તા ૨૮-૧૧-૨૦૧૧ના રોજ **સરદાર પટેલ મેમોરીયલ હોલ, કરમસદની મુલાકાત** લીધી હતી.

➢ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે તા. ૧૭ અને ૧૮ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ બે દિવસીય **વાલી સંમેલન**નું આયોજન કરવામાં આવ્યું હતું. બીકોમ, બીબીએ, બીસીએ અને બીબીએ આઇટીએમના તમામ વિદ્યાર્થી-વાલીઓ સાથે મિટીંગ યોજાઇ હતી. ૫૦૦ જેટલા વાલીઓ આ મિટીંગમાં હાજરી આપી હતી.

➢ તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત **સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** બાકરોલમાં તા. ૮-૧-૨૦૧૨ને રવિવારના રોજ **"પૂર્વ વિદ્યાર્થી સંમેલન"** યોજાયું હતું.

➢ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગરના આદેશ અનુસાર ગુજરાતમાં યોજાયેલ **ખેલ મહાકુંભ રમતોત્સવ**માં આણંદ જિલ્લા કક્ષાએ ૧૬-૪૫ના ગ્રુપમાં બી.જે.વી.એમ.ની વિદ્યાર્થીની **વોરા ફરહીન અલ્લારખાભાઇ** પ્રથમ વિજેતા થયા હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ,** આણંદમાં એસ.વાય.બી.કોમમાં અભ્યાસ કરતી **પારેખ નંદિની વાય.**એ તા. ૧૯ અને ૨૦-૧૧-૨૦૧૧ના રોજ નૈનીતાલ (ઉત્તરાખંડ)માં યોજાયેલ **ઇંટરનેશનલ વાડોકાઇ કરાટે સ્પર્ધામાં**

**ટીમ કુમીતીમાં પ્રથમ ક્રમ** (ગોલ્ડ મેડલ) અને **વ્યક્તિગત હરીફાઈમાં ત્રીજો ક્રમ** (કાંસ્ય ચંદ્ર) પ્રાપ્ત કર્યો હતો. અભિનંદન.

➤ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**નો ૧૫મો વાર્ષિક **રમતોત્સવ** વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે યોજાયો હતો. વિવિધ રમતોત્સવમાં કોલેજના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીએ રમતોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું હતું. રમતોત્સવના મુખ્ય અતિથિ તરીકે રોયલ ચેલેન્જર્સ, બેંગ્લોરના શ્રી અશદ ખાન પઠાન અને માનદ્ અતિથિ તરીકે પ્રિ. બી. એલ. નાગર ઉપસ્થિત રહ્યા હતા.

રમતોત્સવની મુખ્ય સ્પર્ધાઓમાં ૧૦૦મી. દોડ, ૨૦૦મી. દોડ, ૪૦૦મી. રીલે, લાંબી કુદ, ઊંચી કુદ, ચક્ર ફેંક, બરછી ફેંક, દોરડા ખેંચ, ગોળા ફેંકનો સમાવેશ કરેલ હતો. સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ છે.

**ભાઈઓ :**

૧૦૦ મી. દોડ - હર્ષ પટેલ (ટીવાયબીકોમ-એ)

૨૦૦ મી. દોડ- નૈતિક પટેલ (ટીવાય આઈટીએમ)

ઉંચી કુદ- જયદીપ પટેલ (ટીવાય આઈટીએમ)

ચક્ર ફેંક- ચિંતન શીરોયા (એસવાયબીબીએ)

ગોળા ફેંક- હર્ષ કોહલી (ફોર્થ યર બીબીએ આઈટીએમ)

બરછી ફેંક - વિરલ પટેલ (ટીવાયબીબીએ)

ક્રોસ કન્ટ્રી રેસ- હર્ષ પટેલ (ટીવાયબીકોમ-એ)

લાંબી કુદ- ગૌતમ પંડ્યા (એફવાય આઈટીએમ)

દોરડા ખેંચ- એફવાયબીબીએ આઈટીએમ

**બહેનો :**

૧૦૦ મી. દોડ - નિધી શાહ (ટીવાયબીકોમ-એ)
વિનાલી પટેલ (એમઈબી-૧)

૨૦૦ મી. દોડ- વિનાલી પટેલ (એમઈબી-૧)

ઉંચી કુદ- વિનાલી પટેલ (એમઈબી-૧)

ચક્રફેંક- રુચિતા સક્સેના (ફોર્થ યર બીબીએ આઈટીએમ)

ગોળા ફેંક- સ્વીનલ પટેલ (ફોર્થ યર બીબીએ આઈટીએમ)

બરછી ફેંક - રુચિતા સક્સેના (ફોર્થ યર બીબીએ આઈટીએમ)

ક્રોસ કન્ટ્રી રેસ- સીના પટેલ (ટીવાય આઈટીએમ)

લાંબી કુદ- નિધી શાહ (ટીવાયબીકોમ-એ)

દોરડા ખેંચ- ટીવાયબીબીએ આઈટીએમ

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે **ઇન્ટરકલાસ ક્રિકેટ કોમ્પીટીશન**નું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં S.Y.B.Com (English Medium)ની ટીમ ટુર્નામિન્ટમાં ચેમ્પીયન બની હતી.

➤ ઈનામદાર આર.આર. બ્રહ્મભટ્ટ કેળવણી મંડળ સંચાલિત **શ્રીમતી પુષ્પાબેન કનૈયાલાલ ઈનામદાર કોલેજ ઑફ એજ્યુકેશન,** બાકરોલ ખાતે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત **સ્પોર્ટ્સ ડે** ઉજવાયો હતો.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ**માં TYBBA (ISM)માં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિલીશ મેકવાને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત 51st Inter Collegiate Atheletic Championshipમાં લાંબી કૂદમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું. તદ્‌ઉપરાંત તેણે 5.64 મીટર લાંબી છલાંગ લગાવી નવો રેકોર્ડ સર્જ્યો હતો.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં રાજયોગિની બ્ર.કુ. ઊર્મિલાબેનનું **મૂલ્ય શિક્ષણ** પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ** ખાતે તા. ૪-૧-૨૦૧૨ના રોજ સ્વર્ણિમ ગુજરાત કલા કૌશલ્ય ધારા અંતર્ગત **"ઇન્ટ્રા કેમ્પસ પોસ્ટર મેકિંગ કોમ્પીટીશન"** યોજવામાં આવી હતી. જેમાં રામકૃષ્ણ સેવા મંડળની સાત કોલેજના ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ કરપ્શન, સર્વ શિક્ષા અભિયાન અને ચાઈલ્ડ લેબર પર સુંદર પોસ્ટરો બનાવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ઈપ્કોવાલા સંતરામ ફાઈન આર્ટ્સ કોલેજના પ્રિન્સીપલ શ્રી કે.સી. પટેલ તથા પ્રા. અશોક પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કે.સી. પટેલે વિદ્યાર્થીઓને પોસ્ટર મેકિંગ અને એડવર્ટાઈઝીંગ પર માર્ગદર્શન આપ્યું હતું. શ્રી અશોક પુરોહિતે વિદ્યાર્થીઓને ફોટોગ્રાફી વિષય પર માર્ગદર્શન આપ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ વિજેતા આણંદ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની ગીતા જમતાની જયારે દ્વિતીય અને તૃતીય વિજેતા આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝના વિદ્યાર્થીઓ અવલ શાહ તથા શ્વેતા પટેલ રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**નાં ફોર્થ યર બીબીએ (આઈટીએમ)ના વિદ્યાર્થી **એઝાઝ શેખે** આણંદ એજ્યુકેશન કોલેજ (મહિલા) બી.એડ્. કોલેજ, આણંદના ઉપક્રમે **પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં** 'ભ્રષ્ટાચાર' વિષય પર **દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કર્યું છે. અભિનંદન. જે માટે ટ્રસ્ટ અને કોલેજ પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની **કુમારી ગીતા જામતાણી**

(S.Y.B.Com.)એ આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝમાં સ્વર્ણિમ ગુજરાત પોસ્ટર મેકીંગ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમાંક મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. તેમ જ કુમારી નીલમ કડીયા (S.Y.B.Com.)એ આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝમાં સ્વર્ણિમ ગુજરાત **પોસ્ટર મેકીંગ સ્પર્ધામાં ભાગ લઈ ત્રીજા રનર્સ અપ તરીકે ક્રમાંક** મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. અભિનંદન !

➢ **ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદ ખાતે ૭ થી ૧૨ ડિસેમ્બરના રોજ **શીઘ્ર અભિનય સ્પર્ધા, શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા, પોસ્ટર મેકીંગ સ્પર્ધા** તેમ જ **ક્વીઝ**નું આયોજન થયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ** ખાતે ગત તા. ૩-૧-૨૦૧૨ના રોજ એન.એસ.એસ. અંતર્ગત તથા સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત **ટ્રેડીશનલ કોમ્પીટીશન** યોજવામાં આવી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ** ખાતે ગત તા. ૧૧-૧-૨૦૧૨ના રોજ **ટેલેન્ટ ડે** યોજાઇ ગયો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ (BBA-ISM, BBA-Gen, B.Com., M.Com.)એ ૩૦ થી વધુ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. જેમાં અનુક્રમે સોલો ડાન્સ, સીંગીંગ, ગ્રુપ ડાન્સ, ડ્રામા, મીમીક્રી, સ્ટન્ટ, ડ્રમ, તબલા વાદન, પ્રોફેશનલ અને ટ્રેડીશનલ ફેશન શો જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજ,** મોગરી ખાતે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી સભર **સ્પંદન સપ્તાહની ઉજવણી** તા. ૨૨-૧૨-૨૦૧૨થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધી કરી.

➢ અનુસ્નાતક સંસ્કૃત વિભાગની વિદ્યાર્થિની **કુ. દિવ્યાબેન ડી. પટેલ** વર્ષ ૨૦૧૧માં લેવાયેલ (Gujarat SET)માં ઉત્તીર્ણ થયા છે. અભિનંદન !

➢ **A two day Symposium on Innovations in Science, SPU Research Scholars Meet**

**ISSPURSM-2012** was organized by Sardar Patel University on 8th- 9th January, 2012. The Vice-Chancellor Dr. Harish Padh initiated this activity considering the immense potential of the Research scholars in various Departments of Faculty of Science. The advisory committee members Professors Kiran Kalia. Rema Subhash. D. B. Choksi, A. B. Patel, H. S. Patel, A. R. Jani, B. H. Patel and Shanubhouge along with the Organizing committee conducted the proceedings of the meet. The symposium was inaugurated in Gynoday Building. In his inaugural speech Prof. Harish Padh emphasised that the research scholars of various departments must interact with each other in order to appreciate the research work being carried out by their colleagues in different areas. He also mentioned that the need of the hour is of interdisciplinary research. The Plenary lectures were delivered by Dr. Abhijit Sen, President of Gujarat Science Academy and Dr. Rastogi, Institute of Scismological Research, Gandhinagar. The symposium was organised into five disciplines-Biological Sciences, Chemical Sciences, Interdisciplinary Sciences, Mathematical Sciences and Physical Sciences. Research scholars from these disciplines presented their work at different venues- M.P. Patel Auditorium, Auditorium-Chemistry Department, Assembly Hall- Department of Materials Sciences, Assembly Hall-Department of Mathematics and Lecture Hall- Department of Physics. The sessions were conducted parallel and the poster session was held on the second day of the symposium. It was due to the untiring efforts of the Convener of the Meet, Prof. N. V. Sastry, Department of Chemistry, the meet was successful with about 150 presentations from the research scholars belonging to various disciplines. In the Valedictory Function, Dr. A. R. Jani, Dean, Faculty of Science lauded the efforts of research scholars for their work and presentations. The Chairman, Dr. L. M. Manocha and Convener, Dr. N. V. Sastry appreciated the efforts of the students who were the members of the organizing committee for their zeal and commitment. The winners of oral and poster presentations were given away the cash prizes as a gesture of appreciation.

➢ Sardar Patel University and Biotechnology Interest Group (BIG), (Vadodara) organized a one day seminar on **Health and Biological Sciences: Emerging Entrepreneurial Opportunities** at Gyanodya Bhavan of Sardar Patel University. It was a face-to-face interaction of our students and faculty with established entrepreneurs. Seminar highlighted journey of two first

generation entrepreneurs as they made their way from concept to execution and promoted the growth and development of biotechnology industry in Gujarat. Program was attended by students and faculty members of BR Doshi School of Biosciences, ARIBAS-New Vidyanagar, P.M. Patel Institute of Post Graduate Studies and Research in Science, Anand, and A. N. Patel P. G. Institute, Anand.

Honorable Vice-Chancellor Prof. Harish Padh gave a brief introduction of two eminent speakers Shri Dhirajlal Kotadia, Chairman of Sahajanand Group of Industries Surat and Shri Sandeep Saxena, CEO-ACTON Biotech Private Ltd, Pune, to students. Prof. Harish Padh talked about biotechnology education and entrepreneur opportunities in present scenario. Shri Dhirajlal Kotadia delivered a talk titled "Indian by heart". He gave an importance of intellectual property rights of novel ideas and encouraged students to patent their novel ideas. He also motivated students to put their dreams on paper and to fulfill them with patience and patriotism. Mr. Sandeep Saxena talked on his success journey establishing ACTON Biotech Ltd and encouraged students for having a good business plan for their dream project. He emphasized that next three decades belongs to biotechnology. Both speakers talked about the importance of book reading and funneling their dreams subject and narrow focusing to market driven concept for being a successful entrepreneur. Dr Prashant Bhatt from BIG concluded by appreciating the action of SPU for organizing such events for the benefits of students.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સ (AIPS)**ના અંગ્રેજી વિભાગના અધ્યક્ષશ્રી **હિમાંશુ શ્રીવાસ્તવ**ની ગુજરાત સરકારના **BISAG પ્રોગ્રામ ૨૦૧૧-૨૦૧૨ માટે સંધાન કાર્યક્રમમાં અંગ્રેજી વિષયના જોઇન્ટ સબજેક્ટ કો-ઑર્ડિનેટર તરીકે નિમણૂંક** કરવામાં આવી છે. તેઓએ આ અગાઉ સરદાર પટેલ યુનિવર્સિટીના BISAG કાર્યક્રમ માટે કો-ઑર્ડિનેટરની સેવા બજાવી હતી. જેના અંતર્ગત અંગ્રેજી વિષયના નિષ્ણાતોને આમંત્રિત કરીને વિવિધ વિષયોનું જીવંત પ્રસારણ કરાવીને કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી પૂરી પાડશે.

➤ **મ્યુઝીયમ વિભાગ**માં અંધ-અપંગ વિકાસ મંડળ, મોગરીના વિદ્યાર્થીઓ માટે એક ખાસ ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું આયોજન મ્યુઝિયમ સપ્તાહ (૭થી ૧૪ જાન્યુઆરી-૨૦૧૨) તેમ જ મ્યુઝિયમ અવેરનેસ પ્રોગ્રામ ૨૦૧૨-૨૦૧૩ના અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં અંધ-અપંગ-જન વિકાસ મંડળના વિદ્યાર્થીઓ-૬૦ અને શિક્ષકો-૧૧ (કુલ ૭૧) ભાગ લીધો હતો. અંધ-અપંગ વિદ્યાર્થીઓને ‘‘Touch & Feel’’ એક્ટીવીટી દ્વારા મ્યુઝિયમની અસલ વસ્તુઓને સ્પર્શ દ્વારા અનુભવ કરાવવામાં આવ્યો હતો. ક્યુરેટરશ્રી દ્વારા જુદાં જુદાં પ્રદર્શન ખંડોમાં અસલ વસ્તુઓની ઓળખ કરાવવામાં આવી હતી, તેમ જ આપણા દેશની સાંસ્કૃતિક ધરોહર વિશે જાગૃતિ કેળવી હતી. અંતમાં અંધ-અપંગ વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં પ્રાર્થના કરીને વર્કશોપનું સમાપન કરવામાં આવ્યું હતું.

## GOVERNANCE

➤ **શ્રી અરવિન્દ ચેર ઑફ ઇન્ટીગ્રલ સ્ટડીઝના ચેરપર્સન** તરીકે **ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ** (પ્રમુખસ્વામી મેડીકલ કૉલેજ), ૧ ડિસેમ્બર ૨૦૧૨થી ત્રણ વર્ષ માટે પુનઃ નિયુક્ત પામ્યા. અભિનંદન !

➤ **સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ચેરપર્સન** તરીકે અનુસ્નાતક ઇતિહાસ વિભાગના વડા **પ્રો. જીગીશ પંડ્યા** ૧ ડિસેમ્બર ૨૦૧૨થી ત્રણ વર્ષ માટે નિયુક્ત થયા. અભિનંદન!

➤ **હોમિયોપેથી વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે **શ્રીમતી લીનાબેન દીઘે** (વી.એચ. દવે હોમિયોપેથી કૉલેજ, આણંદ)ની ૧ એપ્રિલ ૨૦૧૨થી ત્રણ વર્ષ માટે નિમણૂંક થઇ છે. અભિનંદન !

➤ **ડી.સી. પટેલ સ્કુલ ઑફ આર્કિટેકચર, અરવિન્દભાઇ પટેલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ એનવાયરમેન્ટ ડિઝાઇન**, વલ્લભ વિદ્યાનગરના **આચાર્યા (પ્રિન્સીપાલ)** તરીકે **પ્રીતિ રમેશચંદ્ર શાહ**ની નિમણૂંક થઇ છે. અભિનંદન !

**Summary of March/April/May/June 2011 Examinations' Re-assessment**

1265 Applications for 2200 Subjects were received for the **Re-assessment** of the answer book for various examinations conducted by Sardar Patel University in **March/April/May/June 2011**. From this 1991 found 'No Change', in 222 cases 'Marks Increased', while in 7 cases 'Marks Reduced' and 126 'Results Amended'.

# Live Indian Classical Music Concerts on the Campus



Cultural life breathes in vigorous boosting on the University campus as it witnessed two doyens of Indian Classical Music performing live in concerts organised under the auspices of Sardar Patel University and Anand Chapter, SPIC MACAY. The first of these two concerts was held on 22 December, 2011 at M P Patel Auditorium featuring the **live performance of the santoor maestro Pandit Bhajan Sopori**. In this performance Panditji was accompanied by Shree Durjay Bhaumik on talba and his disciple Kum. Vithika on sursantoor. The evening was turned into a melodious feast for ears of music lovers as they were ushered into an ecstatic plane of being due to spellbinding performance of Panditji and the co-artistes. Keeping with SPIC MACAY's major objective of initiating the young minds into rich avenues of Indian Classical Music and Dance to familiarise them with the heritage of this ancient culture, Panditji also made this session truly interactive by explaining the nuances of instrumental music, especially on the difficult string instrument like santoor. He also demonstrated how the flexibility of the human voice can be reproduced on this Kashmiri folk-instrument. Towards the conclusion, in a brief question-answer session, Panditji answered to some of the queries by young students with regard to Indian Classical Music and the history of santoor. The auditorium was fully packed with the presence of music lovers, young and veterans alike. The university teaching and administrative fraternity also attended this concert in a huge number. Everyone enjoyed this programme where they had an opportunity to see the maestro of international stature in live performance. Dr Harish Padh, the hon'ble Vice-Chancellor of the University felicitated the artistes with mementos as a gesture of gratitude on behalf of the University. Smt. Ranjana Dave, the Gujarat State Coordinator (SPIC MACAY) took all the minute care to make this programme truly an event to cherish. Shree Tuhsar Majmudar, the I/C Registrar of the University and Dr Gursevaksingh Saggu, the Coordinator of cultural activities, ensured the success of this programme through their efficient management and supervision. The student-volunteers of the department of English offered their invaluable services with regard to stage decoration by preparing rangoli decked with flowers and deepmala. The students of V Z Patel Commerce College lent their cooperation to this event as compères. Dr Vibha Vaishanav proposed a vote of thanks appreciating the collective efforts put in by everyone involved in organizing this event.

The second event in this series was held on 3 January, 2012 at M P Patel Auditorium featuring the **vocal performance of the renowned veteran Hindustani Classical singer Ustad Abdul Rashid Khan**, a man of 103 years of age. He was accompanied by Ustad Bilal Khan, the grandson of Ustadjee, on tabla and Ustad Hafiz Ahmed Khan, Ustadjee's own brother, on harmonium. Shree Subhmay Bhattacharya, the disciple under his tutelage, lent vocal support to Ustadjee's gayaki. The vocal performance by this legendry artiste, as soon as it begun, completely dispelled even the tiny spec of apprehension, given his age, on the part of the audience. With the very first vocal note from the throat of Usatdjee engulfed the audience completely in serenity. His 'gharanedaar' performance laid open the rich storehouse of traditional bandishes (compositions) of Hindustani classical gayaki rarely heard nowadays. Ustad Hafiz Ahmed Khan followed Ustadjee's gayaki very closely by rendering the modulations of human voice on his harmonium. Ustad Bilal Khan ably accompanied him by his commendable and restrained tabla playing, taking liberty to display his artistry only on those moments sanctioned by the structural framework of the classical gayaki and thus confirming his status as an artiste properly steeped in the tradition of Hindustani Shastriya Sangeet. Ustadjee's disciple Shree Subhmay Bhattacharya also provided his vocal support to the performance of his Guru genuinely and thus proving himself the sincere torch-bearer of




this ancient heritage. Dr Harish Padh, the hon'ble Vice-Chancellor of the University, received the artistes on behalf of the entire University as well as music-loving community of Vallabh Vidyanagar. He offered the floral welcome to Ustadji and the accompanying artistes and felicitated them with mementos. As ever before, Smt. Ranjana Dave, the Gujarat State Coordinator, SPIC MACAY, was instrumental in bringing this living legend of classical music to Vallabh Vidaynagar and she devoted all her resources towards the success of this concert. She compèred the programme while Shree Gulam Farid Vhora, the Coordinator, SPIC MACAY (Baroda Chapter) introduced the artistes. The University administrative staff, under the able supervision of Shree Tushar Majmudar, the I/C Registrar, and Dr Gursevaksingh Saggu, the Coordinator of cultural activities, took every possible measure to make this event a reality. The students-volunteers of the department of English were, as before, actively involved in this programme with their unfailing cooperation in organizing the event right from the beginning. In his vote of thanks, Dr Gursevaksingh Saggu expressed his sense of gratitude to everyone involved in organising this event and thanked them on behalf of the entire University fraternity. Really these two events will be cherished by the music-loving community of Vallabh Vidyanagar for a long time to come.

# સમાચારોમાં આપણી યુનિવર્સિટી

- સરદાર પટેલ યુનિવર્સિટીનો આજે ૫૪મો પદવીદાન સમારંભ (સંદેશ ૧૫/૧૨)
- ૭ કોલેજોને યુજીસી દ્વારા માતબર દાનાર્પણ (સંદેશ ૧૫/૧૨)
- યુજીસીએ સીવીએમ સંચાલિત બે કોલેજો સહિત સરદાર પટેલ યુનિવર્સિટીની ચાર કોલેજોને એક-એક કરોડ રૂપિયા ફાળવ્યા. (નયા પડકાર ૧૫/૧૨)
- SPU Confers honorary degree on Rahul Bajaj. (Times of India 16/12)
- એસ.પી. યુનિવર્સિટી સંલગ્ન ચાર કોલેજોને એક-એક કરોડ અનુદાન યુજીસીની પોટેન્શિયલ ફોર એક્સલન્સ યોજના તળે પસંદગી (ગુજરાત સમાચાર ૧૬/૧૨)
- યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ યોજાયો. યુવા શક્તિને યોગ્ય માર્ગદર્શનથી સમાજ પરિવર્તન તરફ વાળી શકાય (ડૉ. કમલા બેનીવાલ) (સંદેશ ૧૬/૧૨)
- સરદાર પટેલ યુનિવર્સિટીમાં આજે ૫૪મો પદવીદાન સમારંભ યોજાયો (નયા પડકાર ૧૬/૧૨)
- સરદાર પટેલ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં રાજ્યપાલ અને કુલાધિપતિ ડૉ. કમલાનું પ્રેરક પ્રવચનઃ અધ્યાપકોએ જ્ઞાનના ભંડાર વધારવા જોઈએ (દિવ્ય ભાસ્કર ૧૬/૧૨)
- A day of pride and joy : Hitesh Chavda reports on Sardar Patel University's 54th Convocation ceremony.
- સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર દ્વારા આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધા (નયા પડકાર ૨૧/૧૨)
- આણંદ-વિદ્યાનગર સહિત ૮ સ્થળોની ૮૭ પૈકી ૫૨ કોલેજોમાં પ્રિન્સિપાલોની અછત (સરદાર ગુર્જરી ૨૦/૧૨)
- સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર ડૉ. હરીશ પાઢને કર્નલની પદવી એનાયત (નયા પડકાર ૨૮/૧૨)
- કાયદો ઘડવા કમિટીની રચના કરાશે. એસ.પી. યુનિવર્સિટીની સિન્ડિકેટ બેઠકમાં સીધી ભરતીને સીએએસથી બઢતી પામેલા અધ્યાપકોને સમાન ગણવાના મામલે નિર્ણય (દિવ્ય ભાસ્કર ૬/૧)
- સ.પ. યુનિ.ની સિન્ડિકેટ બેઠક મળી (સંદેશ ૧૦/૧)
- એસ.પી. યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાઓની તારીખો જાહેર : ૧૫ માર્ચથી શરૂઆત અને ૨૬ એપ્રિલે પૂરી થશે. ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ. (ગુજરાત સમાચાર ૧૧/૧)
- માતૃભાષા ગુજરાતીમાં પીએચ.ડી.ના શોધ પ્રબન્ધને માન્ય રાખવા એ.બી.વી.પી.ની માંગ (નયા પડકાર ૧૧/૧)
- પીએચ.ડી.ના શોધનિબંધમાં માતૃભાષાનો છેદ ઉડાડી દેવાયો (દિવ્ય ભાસ્કર ૧૧/૧)
- એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટી કાર્યકારી રજિસ્ટ્રારને ઘેરી લીધા (ગુજરાત સમાચાર ૧૨/૧)
- આણંદ એબીવીપીના કાર્યકરોએ કાર્યકારી કુલસચિવનો ઘેરાવ કર્યો (દિવ્ય ભાસ્કર ૧૨/૧)
- વિદ્યાર્થીઓએ યુનિ.ના રજીસ્ટ્રારને ઘેરાવ કર્યો (સંદેશ ૧૨/૧)
- એસ.પી. યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા ૧૫મી માર્ચથી શરૂ થશે (દિવ્યભાસ્કર ૧૩/૧)
- ન્યુ પરસ્પેક્ટીવ ઑફ નેચરલ સાયન્સ વિષય પર એન.વી.પાસ. દ્વારા રાષ્ટ્રીય સેમિનાર (નયા પડકાર ૧૪/૧)
- એસ.પી. યુનિ.માં છાત્રોને અન્યાયનાં મુદ્દે રાજ્યપાલ સમક્ષ રજૂઆત (દિવ્ય ભાસ્કર ૨૦/૧)
- સરદાર પટેલ યુનિવર્સિટી જ્ઞાનોદયનો બાયૉટેકનોલૉજી વિશે સેમિનાર યોજાયો (નયા પડકાર ૨૧/૧)
- સ.પ. યુનિ. દ્વારા એક દિવસીય સેમિનાર યોજાયો (સંદેશ ૨૧/૧)
- સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ સભ્યોની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ (નયા પડકાર ૨૪/૧)
- ૨૮૭ સેનેટ સભ્યોની ૩ તબક્કામાં ચૂંટણી યોજાશે (સંદેશ ૨૪/૧)
- સરદાર પટેલ યુનિવર્સિટીમાં યોજાનારી સેનેટ સિન્ડીકેટની ચૂંટણીમાં ખોટા રજિસ્ટ્રેશન કરાયા હોવાનો આક્ષેપ (ગુજરાત સમાચાર ૨૪/૧)
- સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરમાં ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટમાં છેલ્લા ૭ વર્ષથી પ્રોફેસરોની જગ્યા ખાલી (સરદાર ગુર્જરી ૨૮/૧)
- એસ.પી. યુનિવર્સિટીની સિન્ડિકેટ બેઠક યોજાઇ (દિવ્ય ભાસ્કર ૩૧/૧)
- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સી.એ.એસ. અને સીધી નિમણૂંક પામેલા અધ્યાપકોને સમાન ગણવાના પ્રસ્તાવને લીલી ઝંડી (સરદાર ગુર્જરી ૩૧/૧)

# સરદાર પટેલ યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારંભ

આપણી યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારંભ સરદારશ્રીની પુણ્યતિથી ૧૫ ડિસેમ્બર '૧૧ના રોજ આપણી યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાતના **રાજ્યપાલ ડૉ. (શ્રીમતી) કમલા**ની નિશ્રામાં યોજાઇ ગયો. એમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ૧૩૦ જેટલા સુવર્ણચંદ્રકો અર્પણ કારાયા. ૧૪૪૪૮ જેટલા વિદ્યાર્થીઓને જુદી જુદી પદવીઓ પણ એનાયત કરવામાં આવી. આની સાથે સાથે **શ્રી રાહુલ બજાજ**, ચેરમેન, બજાજ ઓટો લિમીટેડ, પુના અને **શ્રી એ. એમ. નાયક**, ચેરમેન, લાર્સન એન્ડ ટુબ્રો લિ., મુંબઇને ડિ.લીટ્.ની માનદ્ પદવીઓ અર્પણ કરવામાં આવી. આ પદવીદાન સમારંભમાં **યુ.જી.સી.ના ચેરમેન પ્રો. વેદપ્રકાશે** દીક્ષાંત પ્રવચન આપ્યું. આ પ્રસંગની ઝલક આપતી તસવીરો.





### કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢ હવે બને છે કર્નલ હરીશ પાઢ...

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી **પ્રો. હરીશ પાઢ**ને તાજેતરમાં ગુજરાત ડિરેક્ટરેટના નેશનલ કેડેટ કોર્પ્સના બ્રિગેડિયર આર. કે. ગુપ્તા તથા વલ્લભ વિદ્યાનગરના નેશનલ કેડેટ કોર્પ્સના કર્નલ આર. કે. મોંગીયા દ્વારા **માનદ્ કર્નલ કમાન્ડરની રેન્ક એનાયત** કરવામાં આવી હતી.

અગાઉ આવી રેન્ક આપણી યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રી પ્રો. પી.જે. પટેલને પણ એનાયત કરવામાં આવી હતી.

### રેડિયો કેમ્પસમાં આમંત્રણ

સરદાર પટેલ યુનિવર્સિટીનું એકમાત્ર ધ્યેય એટલે યુનિવર્સિટીનો વિકાસ, વિસ્તાર કરી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવો. આ ધ્યેયને કારણે જ સરદાર પટેલ યુનિવર્સિટીની અન્ય પ્રવૃત્તિની જેમ કમ્યુનિટી રેડિયો સ્ટેશન ઘણાં વર્ષોથી કાર્યરત છે. આપણું સદ્ભાગ્ય છે કે આપણી યુનિવર્સિટીના પરિસરમાં સ્થપાયેલું આ રેડિયો સ્ટેશન ગુજરાતની બધી યુનિવર્સિટીઓમાં સૌપ્રથમ સ્થપાયેલું સક્રિય રેડિયો સ્ટેશન છે. જે 90.4 F.M. પર **'રેડિયો કેમ્પસ'** નામથી વિવિધ કાર્યક્રમોનું નિયમિત પ્રસારણ કરે છે. તેમાં વિદ્યાર્થીમિત્રો, પ્રાધ્યાપક સમૂહ તેમજ રસ ધરાવતા નાગરિકો જ્ઞાનોપયોગી વિષયો પર વાર્તાલાપ, ક્વીઝ, સમૂહચર્ચા વગેરે દ્વારા 'રેડિયો કેમ્પસ'ને સહયોગ આપે છે.

આપ પણ કમ્યુનિટી રેડિયો સ્ટેશનની પ્રવૃત્તિઓમાં એન્કરર (ઉદ્‌ઘોષક), ચર્ચક, પ્રોગ્રામ સંયોજક જેવી કામગીરી કરવા ઉત્સુક હો તો આપ સૌને આમંત્રણ છે.


સંપર્ક સ્થળ :

**કમ્યુનિટી રેડિયો સ્ટેશન**

ઇલેક્ટ્રોનિક્સ ડિપાર્ટમેન્ટ

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

ફોન : ૨૨૬૮૫૦, ૨૨૯૯૯૨

અનુસંધાન પાન ૧૬થી...

- તમારું મિત્ર વર્તુળ તમને સાચી વિગતોથી માહિતગાર ન કરતું હોય.
- તમારી લેખિત અભિવ્યક્તિ યોગ્ય ના હોય કે તેમાં કોઈ ખામી રહી ગઈ હોય.
- અન્યની સરખામણીએ પોતાની જાતને ઓછું આંકતા હો.
- તમને મળેલી તક વેડફી દીધી હોય (અથવા એવી તમારી આદત હોય).
- પ્રશ્નપત્ર જોઈ તમે મૂંઝાઈ જતાં હો.
- પ્રશ્નપત્રના એકાદ પ્રશ્નની મૂંઝવણ તમારી સંપૂર્ણ તૈયારી પર અસર કરતી હોય.
- તમારા કામમાં તમારી શ્રદ્ધા-વિશ્વાસ ડગી જતાં હોય

એકલા હો તો પણ ડરો નહીં, પાનખર પછી જ વસંતના દર્શન થાય છે. નિષ્ફળતાની સીડી ચઢનારા જ સફળ થયા છે. કરોળિયાનો પરિશ્રમ યાદ કરો.

ચાલો, ઊઠો અને કલમ ઊઠાવો. તમારી નબળાઈ જાતે જ શોધો અને નોંધ કરો. વિશ્વાસુ વ્યક્તિ સાથે ચર્ચા કરી તમારી રીતે જ ચમકતો તારો બનવા પ્રયત્ન કરો.

તમે જાતથી પ્રભાવિત થવાનું નક્કી કરી શકો છો ! 'હું નહીં' આ પદ કાઢી નાંખો. ૩ વાર કેન્સલ કહી પછી ૩ વાર 'હું કરી શકીશ', I am the best. કહી જાતે જ જાતને 'તથાસ્તુ' કહો. ''સર્વે સારા વિચારો મારા તરફ વહો'' કહી આંખો મીંચી, બે હાથે આંખો દબાવી, ઊંડો શ્વાસ લો અને પછી ધીમેથી છોડી દો. પ્રફુલ્લિત થયા ને !

- પોતાની શક્તિઓ ઓળખી તે પ્રમાણે જ કામ કરવાને બદલે શક્તિઓ એકત્રિત કરી એક જોરદાર ધક્કો અંદરથી લગાવો.
- તૈયારી કરવા બેસો તો સંપૂર્ણ પણે તે જ કામમાં જોડાઈ રહો. વિષયની તૈયારી માટે અન્ય પ્રશ્નપત્ર સાથે તમારી જાતે પ્રશ્નપત્ર તૈયાર કરો.
- એક વાર પુસ્તકમાં જોઈને જવાબ લખવા, પુનઃ વાંચી જવા સમય પ્રમાણે જ પ્રશ્નપત્રના તમામ જવાબ લખો, સમયની ફાળવણી કરો અને જુઓ ચમત્કાર તમને બધું જ આવડે છે એવો વિશ્વાસ બેસી જશે.
- ફક્ત Notes નહીં, Notes update કરતા રહો.
- તમારો ફાયદો કોઈ ઊઠાવી જાય તેવું ન થાય તેની કાળજીપૂર્વક તકેદારી રાખો.
- મિત્ર બહેનપણી શું કહેશે, તેને બદલે 'તમે શું માનો છો' તેમાં વિશ્વાસ રાખો.
- સિદ્ધિ મેળવવા પ્રયત્નશીલ રહો. કોઈના દાબદબાણથી ડરો નહીં.
- નાની મોટી અસફળતામાં ધીર ગંભીર ન બની જાઓ/નિરાશ ન થાઓ.
- પ્રથમ ક્રમાંકની સફળતા નથી મળી, બીજા નંબરથી ખુશ થઈ પ્રથમ ક્રમાંક માટે પ્રયત્ન ચાલુ રાખો.

હાથ કી સફાઈ નહીં 'દિમાગ કી કલાઈ' અજમાવો ઔર દેખો-ચારોં તરફ સે સફલતા કદમ ચૂમ રહી હોગી.

**સારા પરિણામની તૈયારી કરો !**

**વર્ગખંડમાં...**

૧. વર્ગખંડમાં જે ભણાવે તે ખૂબ ધ્યાનથી સાંભળો.
૨. જે ન સમજાય તેની જુદી નોંધ કરો, તાસ બાદ મિત્ર સાથે ચર્ચા કરો અથવા શિક્ષકને પૂછી લો.

**ઘરે...**

૧. જે ભણાવેલું હોય તે ઘરે આવ્યા બાદ પુનરાવર્તન (રીવીઝન) કરી લેવું.
૨. દરેક વિષયમાં વર્ગ કરતાં એક ડગલું અગ્રેસર રહો. (દા.ત. આજે શિક્ષકે ૪થો એકમ ભણાવ્યો હોય તો બીજા દિવસે ૫મો એકમ તૈયાર કરીને જવું.)
૩. સ્વાધ્યાય પુરું થઈ ગયા બાદ ફરી એકવાર જોઈ વાંચી સમજાવા પ્રયત્ન કરવો.
૪. તૈયારી કર્યા બાદ પુસ્તક બંધ કરી જોયા વગર એકમમાં શું આવ્યું? કેટલું યાદ રહ્યું ? જુદા કાગળ પર નોંધ રાખો.
૫. ટ્યુશનમાં જતા હો તો ટ્યુશન પછી પણ તેનું (રીવીઝન) પુનરાવર્તન કરી લેવું.

**શું કરવું ? શું નકરવું ?**

૧. વાંચતા પહેલા બે ત્રણ વખત પ્રાણાયામ કરવો. (ઉંડો શ્વાસ લેવો).
૨. અભ્યાસ શરૂ કરતાં પહેલાં હંમેશા શ્રેષ્ઠતા માટે સકારાત્મક જ વિચારવું. I can do, I am the best.
૩. જ્યાં અવાજ થતો હોય, એકાગ્રતા તૂટે એવી જગ્યાએ ના વાંચવું.
૪. ટી.વી., ઓડિયો, ટેપ રોકોર્ડર સાંભળતા સાંભળતા ના વાંચવું.
૫. સૂતાં સૂતાં કે આરામખુરશીમાં બેસીને ના વાંચવુ.
૬. મિત્રો મળે ત્યારે તેની સાથે અભ્યાસ અંગેના ન સમજાયા તેવા મુદ્દાની ચર્ચા કરવી.

**પરીક્ષામાં... ક્યારેય ગભરાવું નહીં.**

૧. નક્કી કરો 'મારે આટલા ટકા, લાવવા જ છે.' 'હું લાવીશ જ' એમ દઢ નિશ્ચિય કરી, સખત પરિશ્રમ કરો.
૨. પરીક્ષાનું વાંચન આગળના દિવસે શરૂ ના કરતા અગાઉથી શરૂ કરો.
૩. અગાઉની પરીક્ષાના પ્રશ્નપત્રો જુઓ. ઘરે જવાબો લખી ટ્રાયલ લઈ લો, જેથી લખાણનો ખ્યાલ આવે અને સમયનું આયોજન કરી શકો.
૪. પરીક્ષામાં સ્વસ્થ મનથી જાઓ.
૫. પેપર લખતાં પહેલાં કુદરતના ઉત્તમ તત્વને યાદ કરો.
૬. પ્રશ્નપત્ર વાંચી ગભરાશો નહીં.
૭. પ્રશ્નપત્ર આખું વાંચી જાઓ પણ ઉત્તર ક્રમ પ્રમાણે જ લખો.
૮. વધુ ગુણ પ્રમાણે સમયની ફાળવણી કરીને લખો. (ઓછા માર્ક્સવાળા પ્રશ્નો માટે ઓછો સમય લાબાં ઉત્તર માટે વધુ સમય)
૯. સુવાચ્ય, સુંદર અક્ષરે જવાબ લખો.
૧૦. ઉત્તરવહીમાં ચેકાચેક ન થાય તેની કાળજી લો.
૧૧. માગ્યા પ્રમાણે ઉત્તર લખવા. સૂચના કાળજીથી વાંચો.
૧૨. નવા પ્રશ્નનો જવાબ નવા પાન ઉપર જ લખો.
૧૩. પ્રશ્નપત્રના તમામ ઉત્તર લખાઈ ગયા બાદ છેલ્લી દસ મિનિટ વાંચી જવા ફાળવો જેથી ભૂલ સુધારી શકાય.
૧૪. ચાલુ પરીક્ષાએ આજુબાજુ જોવાથી આપણો સમય બગડે છે, પરિણામે સમય ખૂટતાં ઘણા જવાબ છુટી જવા સંભવ છે. તેથી જાતે જ સમજીને ઉત્તર લખો.

**- ડૉ. વર્મલા ટી. ભમ્વરી**
આચાર્યા, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ

# અંડર એસ્ટીમેટ ના કરો તમારી જાતને

સફળતાના સો બાપ હોય છે, પણ પરાજિત છે નિષ્ફળ છે તે અનાથ હોય છે. ફળ પ્રાપ્ત કરવું. સિદ્ધિ મેળવવી એ પ્રવીણતા દર્શાવે છે. સફળતામાં પોતાનો આત્મવિશ્વાસ જ હોય છે. નિષ્ફળતાના સમયે કોઈ સાથે હોતું નથી માટે આત્મવિશ્વાસ કેળવવો.

આત્મવિશ્વાસ માણસની બહુ મોટી જણસ છે. કપરી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા આત્મવિશ્વાસ હોવો અનિવાર્ય છે. આત્મવિશ્વાસ ખરે ટાણે મદદરૂપ થાય છે. આ સંદર્ભમાં હમણાં ઈન્ટરનેટ પર વહેતી થયેલી આ રસપ્રદ વાર્તા સૌને ઉપયોગી થાય એવી છે.

એક દિવસ એક કૂતરો જંગલના માર્ગે ભૂલો પડી ગયો. એવામાં એણે સામેથી સિંહને આવતો જોયો. કૂતરાનો તો શ્વાસ થંભી ગયો ને વિચારવા લાગ્યો કે આજ તો બસ, હવે મારા સો વરસ પૂરાં થઈ જવાના !

એવામાં અણે બાજુમાં સુકાં હાડકાં પડેલા જોયાં. સિંહ તરફ પીઠ રાખીને એ બેસી ગયો. એક હાડકું લઈ ચૂસવા લાગ્યો અને જોરથી બોલ્યો : વાહ, સિંહને ખાવાની કાંઈ લિજ્જત આવે છે ! વધુ એક સિંહ આવી જાય તો મોટી મિજબાની થઈ જાય ! આટલું બોલીને એ જોરથી ભસ્યો. સિંહ વિસામણમાં પડીને વિચારવા લાગ્યો : આ કૂતરો તો સિંહનો શિકાર કરે છે. જીવ બચાવીને ભાગો !

સિંહ ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાં ઝાડ પર બેઠેલો એક વાંદરો આ તમાશો જોઈ રહ્યો હતો. એણે વિચાર્યું કે આ એના માટે સરસ અવસર છે. સિંહને સાચી વાત જણાવી દઉં, જેથી સિંહ સાથે દોસ્તી થઈ જાય અને એમ જીવનભર એના જીવ પરનું જોખમ ટળી જશે. વાંદરોતો ફટાફટ સિંહની પાછળ પાછળ ગયો. કૂતરાએ વાંદરાને જતો જોયો એટલે એ વાંદરાનો ઈરાદો પારખી ગયો. આ બાજુ વાંદરાએ સિંહને બધી હકીકત કહી દીધી કે કૂતરાએ એને કેવી રીતે મૂરખ બનાવ્યો હતો.

સિંહ તો આ વાત સાંભળીને બરાબર ગુસ્સે થયો. એ કહે. ‘તુ મારી સાથે ચાલ. કૂતરાની આ હિંમત ? હમણાં હું એનો ખેલ ખતમ કરી નાંખુ છું.’ પોતાની પીઠ પર વાંદરાને બેસાડીને સિંહ કૂતરા તરફ ધસી ગયો. કૂતરાએ સિંહને જોયો. આ વખતે એણે શું કર્યું ખબર છે ? ફરીથી સિંહ તરફ પીઠ કરીને એ જોરજોરથી બોલવા લાગ્યોઃ ‘વાંદરાને મોકલ્યો એને એક કલાક થઈ ગયો, બુદ્ધુ વાંદરો એક સિંહને ફસાવીને અહીં સુધી લાવી નથી શક્તો?’ આ સાંભળી સિંહ ફરી ભાંગી ગયો.

વિદ્યાર્થી મિત્રો, ગમે એવી પરિસ્થિતિ સર્જાય એનો આત્મવિશ્વાસથી સામનો કરો. જીત ચોક્કસ હાંસલ થશે.

### પરીક્ષાના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ખાસ...

- તમને લાગે કે તમને નથી આવડતું. એ તમારો ભ્રમ હોઈ શકે.
- હરિફાઈને કારણે તમે તમારી દષ્ટિ કેળવી શક્યા ના હો.

અનુસંધાન પાન ૧૫ ઉપર...

## Subscribe Today

**Annual**

Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**

Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.